૮. **માહિતીનું એકત્રીકરણ :** વર્ષની શરૂઆતથી જ વિદ્યાર્થીઓ અને શિક્ષકોના વર્તનનો અભ્યાસ કરી તેમાંથી અલગ વર્તનની નોંધ કરવામાં આવી. બિલકુલ સહજપણે ચાલતી આ પ્રક્રિયામાં વચ્ચે વચ્ચે જૂથચર્ચા, પ્રશ્નાવલિ અને વિશ્લેષણાત્મક વાતો મૂકીને વિદ્યાર્થીઓના શિસ્તવિષયક પ્રશ્નો એકત્રિત કરવામાં આવ્યા.

૯. **માહિતીનું પૃથકકરણ :** પ્રથમ વર્ગખંડોમાં ઉભી થતી મુશ્કેલીઓનું પૃથકકરણ કરવામાં આવ્યું કેટલાંક વિદ્યાર્થીઓના કારણે વર્ગખંડોમાં  અલગ-અલગ પ્રકારનાં પ્રશ્નોનું નિર્માણ થઇ રહ્યું છે, આ વિદ્યાર્થીઓના કૌટુંબિક વાતાવરણ અંગે માહિતી મેળવી તેમની વર્તણૂંકનો અભ્યાસ કરવામાં આવ્યો. વાલીઓ સાથે વાતચીત કર્યા બાદ તેમની માનસિક સ્થિતિનો કયાસ કાઢવામાં આવ્યો. અંદર-અંદર ઉભી થતી વિદ્યાર્થીઓની મુશ્કેલીના કારણો વિશે શિક્ષકો સાથે ચર્ચા કરી તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું. જયારે શિક્ષકો દ્વારા સચેતપણે આચરવામાં આવતી અશિસ્ત અંગેના કારણો પ્રશ્નાવલિના માધ્યમથી સમજવાનો પ્રયત્ન કર્યો અને અભ્યાસ સાથે તેને સરખાવવામાં આવ્યો, જેનાથી તેમની અશિસ્તના  પ્રકાર અંગે માહિતી મળી.

**૧૦. પરિણામો :**

| વિદ્યાર્થી | શિક્ષક |
|---|---|
| મોડા આવવું | મોડા આવવું |
| શિક્ષક માતાપિતા સાથે દલીલબાજી | આયોજનનો અભાવ |
| ગાળો બોલવી, મારામારી કરવી, | વાણી-વર્તનમાં વિવેકનો અભાવ |
| છોકરા-છોકરીઓનાં સંબંધમાં પ્રગટેલી મલિનતા | ભણાવતી વખતે નબળો આત્મવિશ્વાસ( વાંચ્યા વિના જેમતેમ પાઠ પૂરો કરવો ) |
| ભણવામાં અરૂચિ | પહેરવેશ માંથી ખોવાયેલી શાલિનતા |
| સમયપાલન, નિયમિતતામાં  કમી, | Groupism |
| સમયસર ગૃહકાર્ય, એસાઇનમેન્ટ ન આપવા | વિદ્યાર્થીઓ સાથે સંવાદિતાનો અભાવ |
| પહેરવેશમાં અવ્યવસ્થિત પણું | પ્રેરણા અને માર્ગદર્શન આપવાની ભાવનામાં ઓટ |
| વ્યસન કરવું, સાથીઓ સાથે રખડવું | વ્હાલાં-દ્વલાંની નિતિ |
| નવા શિક્ષકો સાથે ગેરવર્તણૂંક અને વર્ગખંડમાં ઘોઘાટ ભરેલું વાતાવરણ સર્જવું | વિદ્યાર્થીઓને છાવરી લઇ પોતાનું કામ કઢાવી લેવું |
| જવાબદારી લેવાની નિષ્ક્રિયતા | સંસ્થાના નિતિનિયમો પાળવામાં ઉદાસીનતા કેળવવી, |
| અન્ય વિદ્યાર્થીઓને પજવવા | વાલીઓ સાથે ગેરવર્તણૂંક |
| ચોરી કરવી, જૂઠું બોલવું | અન્યો સાથે સરખામણી કર્યા કરવી, |
| ભણવામાં રૂચિ ન દર્શાવવી | ખોટા અર્થઘટનો કરી સ્ટાફરૂમમાં નકારાત્મકતા ફેલાવવી |
| વડીલો સાથેની વાતચીતમાં મર્યાદાનો અભાવ | અન્ય શિક્ષકો સાથે, બિનશૈક્ષણિક કર્મચારીગણ સાથે ગેરવર્તણૂંક |
| વર્ગખંડમાં અવ્યવસ્થાપણું ઉભું કરવું | વિવાદ ઉભો કરવાની આદત વગેરે પ્રકારના શિસ્ત વિષયક પ્રશ્નો અનુભવાયા |

**૧૧. તારણો : ઉપરની તમામ બાબતો માટેના જવાબદાર કારણો જણાયા.**

**• શિક્ષકો માટે :**

| | | | |
|---|---|---|---|
| ૧. | વિષય પર પ્રભુત્વ નો અભાવ | ૮. | પોતે જ ખરા હોવાની ખોટી સમજ |
| ૨. | મહેનત અને પુરુષાર્થ કરવાની ધગશમાં ઓટ | ૯. | ગુરૂતાગ્રંથિથી પીડાવું, દેખાડો કરવાની વૃત્તિ |
| ૩. | જવાબદારીમાંથી છટકવાની વૃતિ, કામ ચોરી | ૧૦ | પોતાનું ધારેલું ન થવાથી |
| ૪. | પિરીયડ પૂર્ણ થતા જ ફટાફટ બીજા વર્ગમાં પહોંચવાની આયોજન કળાનો અભાવ | ૧૧. | ફરજો પ્રત્યે ઉદાસીનતા કેળવવી. |
| | | ૧૨. | સ્વાર્થી અને સંકુચિત મનોવૃતિ |
| ૫. | માત્ર પોતાનાજ કાર્ય ને મહત્વ આપવું | ૧૩. | શિક્ષક તરીકે ના મૂલ્યોનો હ્રાસ |
| ૬. | ફોનનો મહતમ ઉપયોગ, સોશિયલ મિડિયા પર વધુ સક્રિય રહેવું | ૧૪. | સોશ્યલમિડીયા પર વધુ વખત વિતાવવો |
| | | ૧૫. | વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ, ઉદાહરણરૂપ બનવા માટે કરવા પડતા પ્રયત્નોનો અભાવ. |
| ૭. | અર્થઘટન ક્ષમતામાં વિસંગતિ | | |